ગુજરાતનો મહાસંગ્રામ 2012

# રાજ્યભરમાં ભાજપ દ્વારા બીજી દિવાળીની ઉજવણી

## ભાજપ-કોંગ્રેસ દ્વારા શાનદાર જીત બાદ વિજય સરઘસ : ફટાકડા ફોડી ભવ્ય ઉજવણી : ચારેબાજુ કેસરીયો માહોલ









અમદાવાદ, તા. ૨૦
ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામે આવવાના શરૂ થતાંની સાથે જ ભાજપ જીત તરફ આગળ વધતાં ભાજપમાં ઉજવણીનો દોર પણ શરૂ થઈ ગયો હતો અને દિવસભર ઉજવણીનો દોર ચાલ્યો હતો. વિજય સરઘસ કાઢવામાં આવ્યા હતા. ફટાકડા ફોડવામાં આવ્યા હતા. મિઠાઈઓ વહેંચવામાં આવી હતી. ચારે બાજુ કેસરીઓ માહોલ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન જ કહ્યું હતું કે બીજી દિવાળીની ઉજવણી ૨૦મી ડિસેમ્બરના દિવસે જ કરવામાં આવશે અને તેમની આ વાત મુજબ જ આજે સવારે પરિણામ આવવાની શરૂઆત થતાં વિજય અને દિવાળી ઉજવણીની શરૂઆત થઈ ગઈ હતી. લાખો મતદારો ઉજવણી માટે ઊમટી આવ્યા હતા. અમદાવાદમાં ભાજપની ઓફિસ ઉપર પણ સમર્થકો પહોંચી ગયા હતા. અમદાવાદમાં સમર્થકોએ કહ્યું હતું કે સમર્થકોએ પોસ્ટ કાર્ડ લઈ નજરે પડીને કહ્યું હતું કે આ ટ્રેલર છે.

ફિલ્મ ૨૦૧૪માં આવશે. ચૂંટણીમાં જીતનો વિશ્વાસ વ્યક્ત કરતા નરેન્દ્ર મોદીએ પહેલાંથી જ કહ્યું હતું કે તેમની પાર્ટી ૨૦મી ડિસેમ્બરના દિવસે વધુ મોટી દિવાળીની ઉજવણી કરશે અને આ મુજબ જ આજે સવારે દિવાળીની ઉજવણી શરૂ થઈ ગઈ હતી. મોદીએ પ્રચારવેળા દાવો કર્યો હતો કે આ વખતે ગુજરાતમાં બે વખત દિવાળીની ઉજવણી થશે. એક પરંપરાગત દિવાળીની અને બીજી લોકશાહીની જીતની ઉવજણી કરવામાં આવશે.

૨૦મી ડિસેમ્બરના દિવસે ભવ્ય ઉજવણી કરવા કહ્યું હતું. ભાજપના ઉમેદવારો મોટાભાગને બેઠક ઉપર મતગણતરી શરૂ થયા બાદ આગળ દેખાયા હતા. ભાજપના પ્રવક્તા નિર્મળા સીતારામને કહ્યું હતું કે ભાજપ ફરી સત્તા ઉપર છે. પરિણામ આવવાની શરૂઆત થતાં જ એક પછી એક બેઠકો ભાજપની તરફેણમાં જતી નજરે પડી હતી. નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન તમામ ૧૮૨ બેઠકો પૈકી દરેક મત વિસ્તારમાં પહોંચવાની શરૂઆત કરી હતી અને મતદારોની નજીક પહોંચ્યા હતા. સૈંકડો સભાઓ સંબોધી હતી અને લોકો તેમના વિકાસથી પણ પ્રભાવિત થયા હતા.

# ભાજપ-કોંગ્રેસના પરાજિત અગ્રણીઓ

## ભાજપ-કોંગ્રેસ પ્રદેશ પ્રમુખનો પણ ચૂંટણીમાં કારમો પરાજય : ચાર મંત્રીઓ હાર્યા





અમદાવાદ, તા. ૨૦
ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પરિણામ અપેક્ષા મુજબ જ આવ્યું છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારે હેટ્રીક નોંધાવી વિજયી પતાકા લહેરાવ્યા છે. પરંતુ ભાજપ સરકારના ત્રણ મંત્રીઓએ હારનો સામનો કરવો પડ્યો છે. જેમાં રાજ્યના આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસ, કૃષિમંત્રી દિલીપ સંઘાણી સમાજ કલ્યાણ મંત્રી ફકીર વાઘેલા અને ગૃહરાજ્યમંત્રી પ્રફુલ્લ પટેલનો પરાજય ભાજપ માટે આંચકારૂપ છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સરકારના ચાર મંત્રીઓ હાર્યા છે. જેમાં રાજ્યના આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસનો સિદ્ધપુરની બેઠક પરથી ૨૫૮૨૪ મતોથી પરાજય થયો છે. તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના બળવંતસિંહ રાજપૂતને ૮૭૫૧૮ અને જયનારાયણ વ્યાસને ૬૧૬૯૪ મતો મળ્યા છે. આ ઉપરાંત રાજ્યના કૃષિ મંત્રી દિલીપ સંઘાણીનો અમરેલીની બેઠક પરથી ૨૯૮૯૩ મતોથી પરાજય થયો છે. તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના પરેશ ધાનાણીને ૮૬૫૮૩ અને દિલીપ સંઘાણીને ૫૬૬૯૦ મતો મળ્યા છે. તેમજ ભાજપ સરકારના સમાજ કલ્યાણ વિભાગના મંત્રી ફકીર વાઘેલાનો વડગામની બેઠક પરથી ૨૧૮૩૯ મતોથી પરાજય થયો છે. તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના મણિલાલ વાઘેલાને ૯૦૩૭૫ અને ફકીરભાઈ વાઘેલાના ૬૮૫૩૬ મતો મળ્યા છે.





ઉપરાંત ગૃહરાજ્ય મંત્રી પ્રફુલ્લ પટેલનો હિંમતનગરની બેઠક પરથી ૧૪૦૭૨ મતોથી પરાજય થયો છે. તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના રાજેન્દ્ર ચાવડાને ૫૯૮૫૪ મતો અને પ્રફુલ્લ પટેલને ૪૫૭૮૨ મતો મળ્યા છે. આમ ભાજપ સરકારના ચાર મંત્રીઓ હાર્યા છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુનો ચૂંટણીમાં ઘોર પરાજય થયો છે. જ્યારે સામા પક્ષે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા પણ ચૂંટણી હારી ગયા છે. આમ બન્ને મુખ્ય રાજકીય પક્ષોના પ્રદેશ પ્રમુખો હાર્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ જામનગર ગ્રામ્યની બેઠક પરથી ૩,૩૦૪ મતોથી હાર્યા છે. તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના રાઘવજી પટેલને ૬૦૪૯૯ મતો અને આર સી ફળદુને ૫૭૧૯૫ મતો મળ્યા છે. જ્યારે સામા પક્ષે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાનો પોરબંદરની બેઠક પરથી પરાજય થયો છે. તેમના પ્રતિસ્પર્ધી ભાજપના બાબુભાઈ બોખરિયાને ૭૭૬૦૪ મતો અને મોઢવાડિયાને ૬૦૪૫૮ મતો મળ્યા છે. આમ રાજ્યમાં જે દિગ્ગજજો હાર્યા છે. એમાં ભાજપના આર. સી. ફળદુ અને કોંગ્રેસના અર્જુન મોઢવાડિયાનો સમાવેશ થાય છે. સૂત્રોના કહેવા મુજબ બન્ને પ્રદેશ પ્રમુખો પોતાના પક્ષને જીતાડવામાં વ્યસ્ત હોવાને લીધે તેમના મત વિસ્તારમાં ધ્યાન આપી શક્યા જ ન હતા. એટલે બન્ને પક્ષ પ્રમુખોએ હારનો સામનો કરવો પડ્યો છે.